રે. દિ. મુ. નં. ૨૦૦/૨૦૦૮

–:: આંક–૫ લગત હુકમ ::–

વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચેની અન્નકુટ સ્વીટસ એન્ડ સ્નેકસ નામની ભાગીદારી પેઢી કે જે શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ ''શ્રીજી આર્કેડ''ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકત, ક્ષેત્રફળ આશરે ૬૫૦ ચો. ફુટ માં આવેલ વાદી પ્રતિવાદીના ભાગીદારી ધંધા અને માલ મિલકતો અને ભાગીદારી પેઢીની શ્રીજી આર્કેડની દુકાન નં. ૩૪ તથા ૩૫ તથા ભાગીદારી પેઢીના હિસાબોમાં વાદીઓનો ૬૦% હિસ્સો થતો હોય વાદી પ્રતિવાદીની ભાગીદારી પેઢીનું કાયદેસર વિસર્જન કરી તેમાંથી વાદીઓનો ૬૦% હિસ્સો, નફો અને દુકાનોની માલીકી, માલ મિલકતો વાદીઓને અપાવવા અને ભાગીદારી પેઢી અને ભાગીદારી ધંધાનું વિસર્જન કરી વાદી પ્રતિવાદીના હકક, હિસ્સા, નફા, માલ મિલકતો વિગેરે અંગે વહેંચણ કરાવવા તથા ઉપરોકત મિલકતમાં તથા ભાગીદારી ધંધામાં વાદીઓને વહીવટ સંચાલન કરતા અટકાવવા અને ભાગદારી ધંધામાંથી હિસાબો તથા હિસ્સા મુજબ નફો મેળવતા અટકાવવા તેમજ ભાગીદારી ધંધામાં સહભાગીદાર તરીકે વર્તન કરતાં અટકાવવા તેમજ ભાગીદારી ધંધામાં અને મિલકતોમાં પોતે સ્વતંત્ર માલીક વહીવટદાર હોય તે રીતે વહીવટ, સંચાલન કે વર્તન કરવા અને વાદીઓની સાથેની સહભાગીદારીવાળી ભગીદારી માલી મિલકતો, મુડી, નફો અને ભાગીદારી ધંધાનું વાદીઓની સંમતિ સિવાય સ્વતંત્ર રીતે વહીવટ, સંચાલન, ઉપભોગ કરવા કે ભાગીદારીના નામ, ધંધા અને માલ મિલકતોમાં હરકોઈ રીતે ન્યુનતા ફેરફાર, કરવા કરાવવા, પ્રતિવાદીઓને કોઈ કાયદેસર હકક અધિકાર નથી અને પ્રતિવાદીઓનું આવું કૃત્ય ગેરકાદેસર, અન્યાયી, હકુમત વગરનું તથા રદ થવાને પાત્ર છે તેવું જાહેર કરાવવા તેમજ ઉપરોક મિલકતમાં ચાલતા ભાગીદારી ધંધાનું વિસર્જન ન થાય ત્યાં સુધી સદર ભાગીદારી ધંધામાં તથા ભાગીદારીની માલ મિલકતોમાં વાદીઓને વહીવટ, સંચાલન, કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં કે તેમાં હરકોઈ રીતે અવરોધ, અટકાયત કરે કરાવે નહીં કે વાદીઓને ભાગીદારી ધંધાના

હિસાબો, નફો, ભાગીદારી કરારની રૂએ મેળવતા પ્રતિવાદીઓ અટકાવે નહીં તેમજ ભાગીદારી પેઢીની માલ મિલકતો અને ધંધામાં સહભાગીદાર તરીકે વર્તન કરતાં પ્ર તિવાદીઓ અટકાવે નહીં તેમજ વાદીઓની સંમતિ સિવાય ભાગીદારી ધંધાની માલ મિલકતો અને શ્રીજી આર્કેડવાળી ઉપરોકત મિલકત અંગે પ્રતિવાદીઓ હરકોઈ રીતે વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, એસાઈન, ન્યુનતા, ફેરફાર, હસ્તે પરહસ્તે કરે કરાવે નહીં કે ભાગીદારી પેઢીની માલ મિલકતો અને ધંધાને પોતાના અંગત હોય તે રીતે વપરાશ, ઉપભોગ, વહીવટમાં લે લેવડાવે નહીં તેવો જાથુકનો મનાઈ હુકમ મેળવવા તથા વાદી પ્રતિવાદી વચ્ચેના ભાગીદારી ધંધા અન્વયે એચ.ડી.એફ.સી. બેંક રીંગરોડ શાખા સુરતમાંથી લેવાયેલ પર્સનલ યુઝ અંગેની લોન સવલતમાંથી વાદી નં. ૧ની પોતાની માલીકીની મિલકત કે જે શહેર સુરત મહીધરપુરા વિસ્તારમાં મારૂતિ બિલ્ડીંગમાં બીજા માળે આવેલ ઓફીસ નં. ૨૦૨ ભાગીદારી ધંધાની લોન સવલત અન્વયેની સીકયુરીટીની મિલકત ન હોય તેને સદરહું બેંકની લોન સવલતમાંથી મુકત કરાવવા વાદીએ દાવો દાખલ કરી તેમાં દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ ૩૯ અન્વયે હાલની આ દરમિયાન મનાઈ હુકમ માટે અરજી કરી ઉપરોકત મિલકતમાં ચાલતા ભાગીદારી ધંધાનું વિસર્જન ન થાય ત્યાં સુધી સદર ભાગીદારી ધંધામાં તથા ભાગીદારીની માલ મિલકતોમાં વાદીઓને વહીવટ, સંચાલન, કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં કે તેમાં હરકોઈ રીતે અવરોધ, અટકાયત કરે કરાવે નહીં કે વાદીઓને ભાગીદારી ધંધાના હિસાબો, નફો, ભાગીદારી કરારની રૂએ મેળવતા પ્રતિવાદીઓ અટકાવે નહીં તેમજ ભાગીદારી પેઢીની માલ મિલકતો અને ધંધામાં સહભાગીદાર તરીકે વર્તન કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં તેમજ વાદીઓની સંમતિ વિના ભાગીદારી ધંધાની માલ મિલકતો અને શ્રીજી આર્કેડની દુકાન નં. ૩૪ તથા ૩૫ અંગે પ્રતિવાદીઓ હરકોઈ રીતે વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, એસાઈન, ન્યુનતા, ફેરફાર હસ્તે પરહસ્તે કરે કરાવે નહીં કે ભાગીદારી પેઢીની માલ મિલકતો અને ધંધાને પોતાના અંગત હોય તે રીતે વપરાશ, ઉપભોગ, વહીવટમાં લે લેવડાવે નહીં, તે અંગે પ્રતિવાદીઓ સામે દાવાનો આખરી નિકાલ થતાં સુધીનો દરમિયાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે તથા વાદી પ્રતિવાદીના વાદગ્રસ્ત

ભાગીદારી ધંધાની માલ મિલકતો ધંધોની માલ મિલકતો ધંધો પ્રતિવાદી અંગત રીતે વપરાશ ઉપભોગમાં લેતા હોય અને ભાગીદારી ધંધાનની આવક, ઉપજ, વિગેરે જાહેર કરતા ના હોય, ભાગીદારી માલ મિલકતો અને ધંધાનો દાવો ચાલી આખરી નિકાલ થાય ત્યાં સુધી કોર્ટ રીસીવરશ્રી નિમાવી તેમના ઘ્વારા ભાગીદારી ધંધાનો વહીવટ, સંચાલન, આવક, ઉપજ વિગેરે અંગે તેઓ કાર્યવાહી કરે અને નામદાર કોર્ટમાં તે અંગે યોગ્ય રીપોર્ટ કરે તે અંગે હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

પ્રતિવાદીને દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટીસ બજતા પ્રતિવાદીઓ તેમના વકીલ મારફતે હાજર થઈ આંક – ૧૩થી દાવાનો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે અને તેમાં તેઓને વાદી અને પ્રતિવાદીઓ સાથે ભાગીદારીમાં "અન્નકુટ સ્વીટસ એન્ડ સ્નેકસ" ભાગીદારીમાં ધંધા શરૂ કરેલ હોવા બાબતે તેમજ તે અંગે તા.૧/૦૪/૦૫ના રોજ ભાગીદારી કરાર થવા બાબતે તકરાર રહેલી નથી તેમજ આ ભાગીદારીમાં દાવાવાળી મિલકત ખરીદ કરેલ હોવા બાબતે તકરાર રહેલી નથી પરંતું તે સિવાય તેઓએ વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં એવી તકરાર લીધેલી છે કે, વાદીએ હાલનો દાવો ભાગીદારી પેઢી અંગેની તકરાર સંબંધે કરેલો છે પરંતું વ ાદીએ ભાગીદારી પેઢીને પક્ષકાર તરીકે જોડેલ ના હોય વાદીના દાવાને પક્ષકારનો બાધ નડતો હોય વાદીનો દાવો ટકી શકે તેમ નથી. તેમની વધુમાં એવી તકરાર છે કે, એચ.ડી.એફ.સી. બેંકમાંથી રૂ.૧૮,૦૦,૦૦૦/–ની પર્સનલ યુઝ અંગેની લોન વાદીઓએ તેઓના અગાઉ ચલતા ધંધા "ગોકુલ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ"ના માટે જ લીધેલ અને તે ધંધા અને લોન સાથે ભાગીદારી પેઢી કે પ્રતિવાદીઓને કોઈ લેવા દેવા નથી તેમજ વાદીઓએ તેમના ધંધા માટે અન્ય એક મિલકત ૨૦૨, મારૂતી બિલ્ડીંગ, મહીધરપુરાની મોર્ટગેજમાં મુકેલ છે. ભાગીદારી પેઢીના ધંધા માટે કોઈ લોન કોઈપણ બેંકમાંથી લેવામાં આવેલી નથી. તેઓની વધુમાં એવી તકરાર છે કે, વાદીઓ શરૂઆતથી જ પેઢીની આવક એકલે હાથે મેળવી લેવા માંગતા હતા અને અવાર નવાર ભાગીદારી પેઢીના ધંધાની આવકો તેમજ

રોકડ રકમો બેંકમાંથી બારોબાર ઉપાડી લેતા હતાં અને તે અંગેનો હિસાબ માંગવા છતાં તેઓ આપતા ન હતાં એ ભાગીદારી પેઢીના ખાતામાંથી ઉપાડેલી લેણી રકમો તેઓના અંગત વપરાશ માટે ઉપયોગમાં લેતા હતાં અને ભાગીદારી પેઢીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ઘોડદોડ રોડ, સુરત શાખામાં આવેલ ચાલું ખાતામાંથી વાદીએ રૂ.૧૦,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પંચોતેર હજાર પુરા) જેવી રકમ તેઓએ ગેરકાયદેસર રીતે ઉચાપત કરેલ છે અને આ રકમનો વાદીઓએ કયારે હિસાબ આપેલ નથી. તેમની વધુમાં એવી તકરાર છે કે, વાદીઓએ પ્રતિવાદીઓને સદરહું ભાગીદારી પેઢી છુટી કરવા માટે કયારેય જણાવેલ નથી તેમજ ભાગીદારી કરાર મુજબ સદરહું ભાગીદારી છુટી કરવાનો કે ભગીદારી પેઢી બંધ કરવાનો કોઈ પણ ભાગીદારને હકક કે અધિકાર રહેલ નથી અને જો કોઈ ભાગીદાર છુટો થવા માંગતો હોય તો તેમને ત્રણ માસ અગાઉથી લેખિત નોટીસ આપવાની રહે છે.

વાદી તરફે આંક – ૬૮થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી. પ્રતિવાદી તરફે વિ. વકીલ શ્રી કે. એસ. બનાતવાલાની દલીલો સાંભળી.

વાદીની આ અરજીનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઃ

(૧) શું વાદી આ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણયો નીચે મુજબ છે.

૧: અંશતઃ હકારમાં.

૨: આખરી હુકમ મુજબ.

કારણો

મુદ્દા નંબર : ૧

પ્રતિવાદી તરફે તેમના વિ. વકીલ શ્રીએ તેમની દલીલમાં એવી તકરાર ઉપસ્થિત કરેલ છે કે વાદીએ આ દાવો ભાગીદારી પેઢી સંબંધે કરેલો છે પરંતું આ ભાગીદારી પેઢી કાયદા મુજબ નોંધાયેલી નથી જેથી વાદીના દાવાને ભાગીદારી કાયદાની કલમ ૬૯નો બાધ રહેલો છે અને તેથી વાદીનો દાવો ચાલી શકે તેમ નથી. તેમને તેમણી દલીલના સમર્થનમાં ૨૦૦૯(૧) જી.એલ.આર. ૮૭૯ ઉપર પ્રસિધ્ધ થયેલ "લાલજીભાઈ રામજીભાઈ હમીરાની વિ. લવજીભાઈ હરીભાઈ મંડાણકા અને બીજાઓ" નો ચુકાદો તથા ૧૯૬૯ જી. એલ. આર. ૪૫૭ ઉપર પ્રસિધ્ધ થયેલ "ભારત સુર્યોદય મીલ્સ કું. લી. વિ. મોહત્તા બ્રધર્સ" નો ચુકાદો રજુ કરેલ છે. તેની સામે વાદીના દાવાને ભાગીદારી કાયદાની કલમ ૬૯નો બાધ રહેલો ના હોવાના સમર્થનમાં વાદી તરફે એ. આઈ. આર. ૨૦૧૩ ગુજ. ૨૫૪ ઉપર પ્રસિધ્ધ થયેલ "વિનુભાઈ નાગજીભા ચાવડા વિ. મહેશકુમાર રામચંદ્ર રાવલ"નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે. પરંતું પ્રતિવાદી તરફેની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે, વાદીએ હાલનો દાવો ભાગીદારી પેઢીના વિસર્જન માટે તેમજ પેઢીના નફા અને માલ મિલકતમાંથી તેમનો ૬૦% હિસ્સો મેળવવા તેમજ જાહેરાત તેમજ મનાઈ હુકમ મેળવવા કરેલો છે. ભાગીદારીના કાયદાની કલમ ૬૯(૩)ની જોગવાઈ જોતાં ભાગીદારી પેઢીની જો કાયદા મુજબ નોંધણી કરવામાં આવેલી ના હોય તો પણ ભાગીદારી પેઢીના વિસર્જન માટેના દાવાને ભાગીદારીના કાયદાની કલમ ૬૯ની જોગવાઈથી બાધ રહેલો નથી. આમ, વાદીએ આ દાવામાં ભાગીદારી પેઢીના વિસર્જન માટેની દાદ માંગેલી હોય વાદીના દાવાને ભાગીદારીના કાયદાની કલમ ૬૯નો બાધ રહેલો નથી.

પ્રતિવાદી તરફે ૨૦૦૯(૧) જી. એલ. આર. ૮૭૯ ઉપર પ્રસિધ્ધ થયેલ "લાલજીભાઈ રામજીભાઈ હમીરાની વિ. લવજીભાઈ હરીભાઈ મંડાણકા અને બીજાઓ" નો ચુકાદો તથા ૧૯૬૯ જી. એલ. આર. ૪૫૭ ઉપર પ્રસિધ્ધ થયેલ "ભારત સુર્યોદય મીલ્સ કું. લી. વિ. મોહત્તા બ્રધર્સ" નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે પરંતું આ ચુકાદાઓ હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી કારણ કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના કેસની હકીકતો હાલના કેસની હકીકતો ભિન્ન છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના કેસની હકીકતો જોતાં તે કેસમાં વાદીઓનો દાવો ભાગીદારી પેઢીના વિસર્જન માટેનો ન હતો

જયારે હાલના કેસમાં વાદીનો દાવો ભાગીદારી પેઢીના વિસર્જન માટેનો દાવો છે.

વાદી અને પ્રતિવાદીઓએ ભાગીદારીમાં ધંધો શરૂ કરેલ હોવા બાબતે અને તે અંગે તા.૧/૦૪/૦૫ના રોજ તેમની વચ્ચે ભાગીદારી કરાર થયેલ હોવાની હકીકત બિનતકરારી છે. આ ભાગીદારીના કરારની નકલ વાદીએ નિ.૩/૧થી રજુ કરેલ છે. આ કરારની શરત નં. ૧૩ વંચાણે લઈએ આ ભાગીદારી પેઢીના ધંધાની મુદત રાખવામાં આવેલી નથી એટલે કે "પાર્ટનરશીપ એટ વીલ" છે તેમજ આ શરત મુજબ કોઈ ભાગદારને છુટા થવું હશે તો તેણે પેઢીને ત્રણ માસ અગાઉ લેખિત નોટીસ આપવાની છે તેમજ આ શરત મુજબ કોઈપણ કારણસર આ ભાગીદારી પેઢીનો વહીવટ બંધ થશે નહીં કે છૂટા થતાં પક્ષકાર બંધ કરાવી શકશે નહીં તેમજ સર્વ પક્ષકારોની સર્વ સંમતિથી કોઈપણ પક્ષકારોને સદરહું ભાગદારી પેઢીમાંથી છુટા કરી શકાશે અને આવા સંજોગોમાં બાકીના પક્ષકાર ભાગીદારી પેઢીનો ધંધો ચાલુ રાખી શકશે અને આવા સંજોગોમાં ભાગીદારી પેઢી બરખાસ્ત થશે નહીં. તેમજ આ ભાગીદારી કરારની શરત નં. ૧૪ જોતાં તે શરત મુજબ કોઈપણ પક્ષકાર સર્વ પક્ષકારોની લેખિત સંમતિ વિના ભાગીદારી પેઢીમાંના પોતાનો હકક, હિસ્સો વેચાણ કે બક્ષિસ, કરજ કે બોજો કોઈપણ વ્યકિતને કોઈપણ સંજોગોમાં ટ્રાન્સફર કે એસાઈન કરી શકાશે નહીં અને કરશે તો તે રદબાતલ ગણાશે અને પક્ષકારોને તે બંધકનકર્તા રહેશે નહીં. આમ, આ ભાગીદારી કરારની શરત નં. ૧૩ અને ૧૪ જોતાં ભાગીદારી પેઢીનો વહીવટ બંધ થશે નહીં તેવી સ્પષ્ટ શરત રાખવામાં આવેલી છે તેમજ છૂટા થતાં પક્ષકાર ભાગીદારી પેઢી બંધ કરાવી શકશે નહીં તેવી શરત રાખવામાં આવેલી છે અને બાકીના ભાગીદાર પેઢીનો ધંધો ચાલુ રાખી શકશે અને તે સંજોગોમાં ભાગીદારી પેઢી બરખાસ્ત થશે નહીં તેવી શરત રાખવામાં આવેલી છે. આ શરતો જોતાં આ ભાગીદારી પેઢી કોઈ પક્ષકારની મુનસફીના આધારે વિસર્જન કરાવી શકાય તેવી ભાગીદારી નથી. આ ભાગીદારી કરારની શરતો જોતાં જો કોઈ પક્ષકાર આ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તો તે ભાગીદારી પેઢીમાંથી છુટા થઈ શકે છે પરંતું છુટા થનાર ભાગીદાર ભાગીદારી પેઢીને બંધ કરાવી શકશે નહીં એટલે કે

છુટા થનાર ભાગીદાર આ પેઢીનું વિસર્જન કરાવી શકે નહીં. એટલે કે, જયાં સુધી છેલ્લા બે ભાગીદાર આ ભાગીદારી પેઢીને આગળ ચલાવવા માંગતાં હોય ત્યાં સુધી આ ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ શકે નહીં. આ ભાગીદારી પેઢીનો કરાર જોતાં આ ભાગીદારી પેઢીના કુલ ૫ (પાંચ) ભાગીદારો છે. આ પાંચ ભાગીદારો પૈકી ૩ (ત્રણ) ભાગીદારોએ આ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અન્ય બે ભાગીદારો સામે આ દાવો કરેલ છે. આ બે ભાગીદારોએ (પ્રતિવાદીઓએ) ભાગીદારી પેઢીના વિસર્જન સામે તકરાર લીધેલી છે. આમ, પક્ષકારો વચ્ચેના ભાગીદારી કરારની શરતો જોતાં, ભાગીદારી પેઢીના બે ભાગીદારોએ (પ્રતિવાદીઓએ) આ પેઢીનું વિસર્જન કરવા સામે તકરાર લીધેલી હોય, આ ભાગીદારી પેઢીનું વિસર્જન કરાવવા વાદીઓ હકકદાર બનતાં નથી. પરંતું, જો વાદીઓ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તો તેઓ ભાગીદાર તરીકે છુટા થઈ શકે છે.

ભાગીદારીના કરારની શરતો જોતાં વાદીઓ ભાગીદારી પેઢીનું વિસર્જન કરાવવા હકકદાર નથી પરંતું જો તેઓ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતાં હોય તો તેઓ કરારની શરતોને આધિન છુટા થઈ શકે છે. ભાગીદારી કરારની શરત નં. ૧૩ મુજબ જો કોઈ ભાગીદાર પેઢીમાંથી છુટો થવા માંગતો હોય તો તેને પેઢીને ત્રણ માસ અગાઉ લેખિત નોટીસ આપવાની રહેલી છે અને તે સમયે લેવા–દેવાનો હિસાબ સમજીને તેને જો કોઈ રકમ લેવાની થતી હોય તો પેઢીએ તેમને ચુકવી આપવાની રહે છે અને જો કોઈ રકમ તેમણે પેઢીને આપવાની થતી હોય તો તેઓ તે રકમ ચુકવી છુટા થઈ શકે છે. આમ, આ કરારની આ શરત જોતાં વાદીઓ જો ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતાં હોય તો તેઓએ પેઢીને લેખિત નોટીસ આપવાની શરત રહેલી છે, પરંતું વાદીઓએ પેઢીને આવી કોઈ નોટીસ આપેલી હોય તેવું બતાવતો કોઈ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી કે તેવો વાદીઓનો કેસ પણ નથી, તેમજ પ્રતિવાદી તરફે પણ એવી તકરાર લેવામાં આવેલ છે કે વાદીઓ ધ્વારા આવી કોઈ નોટીસ તેમને આપવામાં આવેલી નથી. જેથી વાદીઓ પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તેવી કોઈ લેખિત નોટીસ વાદીઓએ પેઢીને આપેલી હોય તેમ જણાતું નથી.

વાદીના વિ. વકીલ શ્રીની એવી દલીલ છે કે, વાદીઓ ધ્વારા દાવો દાખલ કરવામાં આવ્યો તે તારીખે વાદીઓએ નોટીસ આપેલી છે તેમ કહી શકાય. પરંતું તેમની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે, વાદીઓએ આ દાવો તેમને ભાગીદાર તરીકે છુટા જાહેર કરાવવા કરેલો નથી પરંતું ભાગીદારી પેઢીના વિસર્જન માટે આ દાવો કરેલો છે. જેથી વાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ દાવાને વાદીઓ ધ્વારા ભાગીદારી પેઢીમાંથી છુટા થવાની નોટીસ આપેલી છે તેમ કહી શકાય નહીં. ભાગીદારી પેઢીનું વિસર્જન અને ભાગીદારને પેઢીમાંથી છુટા થવું એ બંને અલગ વિષયવસ્તુ છે. વળી, નામ. સર્વોચ્ચ અદાલતએ એ.આઈ.આર. ૧૯૬૩ સુ.કો. ૧૧૬૫ ઉપર પ્રસિધ્ધ થયેલ "બનારસી દાસ વિ. કાંસીરામ અને બીજાઓ"ના તેમના ચુકાદામાં પણ પ્રસ્થાપિત કરેલ છે કે, દાવો દાખલ કરવા માત્રથી પેઢી વિસર્જન માટેની નોટીસ આપેલી છે તેમ કહી શકાય નહીં.

આમ, ભાગીદારી કરારની શરત મુજબ વાદીઓ ધ્વારા તેઓ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તો પેઢીને તે મતલબની નોટીસ આપવી જરૂરી છે પરંતું વાદીઓ ધ્વારા પેઢીને આવી કોઈ નોટીસ આપેલી નથી. વાદીઓ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તો તેઓ ભાગીદારી પેઢીમાંથી તેમના હિસ્સાની રકમ મેળવવા હકકદાર બને છે વાદીનો દાવો જોતાં વાદીઓએ પેઢીના વિસર્જનની ઈચ્છા દર્શાવેલી છે પરંતું ભાગીદારીમાંથી તેમને છુટા કરવા કોઈ ઈચ્છા દર્શાવેલી નથી.

ભાગીદારી કાયદાની કલમ ૬૯ મુજબ જયારે ભાગીદારી પેઢી કાયદા મુજબ નોંધાયેલી ના હોય ત્યારે તે પેઢીનો કોઈ ભાગીદાર તે પેઢી કે તે પેઢીના અન્ય ભાગીદાર વિરૂધ્ધ, તેમની વચ્ચેના કરારથી મળતા હકકો કે ભાગીદારી કાયદાથી મળતા હકકો મેળવવા દાવો કરી શકે નહીં, સિવાય કે, આ દાવો ભાગીદારી પેઢીના વિસર્જન માટેનો હોય કે વિસર્જન પામેલી પેઢીના હિસાબો માટનો હોય કે વિસર્જન પામેલી પેઢીની મિલકતોને લગતા હકકો કે અધિકારો મેળવવાનો દાવો હોય. પક્ષકારોના પક્ષ નિવેદન તથા પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારો તરફે થયેલી દલીલો ઉપરથી એ જણાઈ આવે છે કે પક્ષકારો વચ્ચેની ભાગીદારી પેઢી કાયદા મુજબ

નોંધવામાં આવેલી નથી. આમ, વાદીઓ જે ભાગીદારી પેઢીના ભાગીદાર હોવાનો કેસ લઈને આવેલા છે તે પેઢીની કાયદા મુજબ નોંધણી કરવામાં આવેલી નથી અને તેથી વાદીઓ ભાગીદારી પેઢીના વિસર્જન માટે કે વિસર્જન પામેલી પેઢીના હિસાબો માટે કે વિસર્જન પામેલી પેઢીની મિલકતોને લગતા હકકો કે અધિકારો મેળવવાનો દાવો કરી શકે પરંતું તે સિવાય કરાર અન્વયે મળેલ હકકો કે ભાગીદારી કાયદાથી મળેલ હકકોના પાલન માટે વાદીઓ દાવો કરી શકે નહીં. વાદીએ તેમના દાવામાં ભાગીદારી ધંધામાં વાદીઓને વહીવટ સંચાલન કરતા અટકાવવા અને ભાગદારી ધંધામાંથી હિસાબો તથા હિસ્સા મુજબ નફો મેળવતા અટકાવવા તેમજ ભાગીદારી ધંધામાં સહભાગીદાર તરીકે વર્તન કરતાં અટકાવવા તેમજ ભાગીદારી ધંધામાં અને મિલકતોમાં પોતે સ્વતંત્ર માલીક વહીવટદાર હોય તે રીતે વહીવટ, સંચાલન કે વર્તન કરવા અને વાદીઓની સાથેની સહભાગીદારીવાળી ભગીદારી માલી મિલકતો, મુડી, નફો અને ભાગીદારી ધંધાનું વાદીઓની સંમતિ સિવાય સ્વતંત્ર રીતે વહીવટ, સંચાલન, ઉપભોગ કરવા પ્રતિવાદીઓને કોઈ કાયદેસર હકક અધિકાર નથી તેવી જાહેરાતની દાદ માંગેલી છે. વાદીએ માંગેલી આ દાદ જોતાં વાદીઓએ ભાગીદારી પેઢીમાં વહીવટ કરવા તથા હિસ્સા મુજબ નફો મેળવવાની દાદ આ દાવામાં માંગેલી છે. ભાગીદારી પેઢીના ભાગીદારને ભાગીદારીના કાયદાની કલમ ૧૨ અને ૧૩ અન્વયે આ અધિકારો રહેલા છે, એટલે કે વાદીએ આ દાદ ભાગીદારી કાયદા અન્વયે મળેલ અધિકારની રૂએ માંગેલી છે પરંતું જયારે ભાગીદારી પેઢીની કાયદા મુજબ નોંધણી કરવામાં આવેલી ના હોય ત્યારે ભાગીદારીના કાયદાથી મળેલા આવા અધિકારોના પાલન માટે ભાગીદાર દાવો કરી શકે નહીં અને તેથી વાદી દાવો કરી આવી દાદ મેળવી શકે નહીં.

ભાગીદારી કરારની શરતો જોતાં વાદીઓ ભાગીદારી પેઢીનું વિસર્જન કરાવવા હકકદાર નથી પરંતું તેઓ પેઢીને લેખિત નોટીસ આપી પેઢીમાંથી છુટા થઈ શકે છે પરંતું વાદીઓએ આવી કોઈ લેખિત નોટીસ આપેલી નથી કે તેઓ આ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોવા બાબતની કોઈ ઈચ્છા આ દાવામાં પણ

દર્શાવેલી નથી તેમજ પ્રતિવાદીઓ પાસે હિસાબોની માંગણી કરેલી હોય અને પ્રતિવાદીઓએ હિસાબો આપેલા ના હોય તેવું બતાવતો કોઈ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી તેમજ જો વાદીઓ આ ભાગીદારી પેઢીમાંથી છુટા થવા માંગતા હોય તો અન્ય ભાગીદારો આ પેઢીનો ધંધો આગળ ચલાવવા હકકદાર છે અને જો આ તબકકે રીસીવરની નિમણુંક કરવામાં આવે તો ભાગીદારીના ધંધાના વહીવટમાં અગવડ ઉભી થાય અને ધંધાનો વિકાસ અટકી જાય અને તેમ થાય તો પક્ષકારો વચ્ચે થયેલા ભાગીદારીના કરાર અંતર્ગત છુટા થનાર ભાગીદારો સિવાયના ભાગીદારો ધંધો ચલાવવા હકકદાર છે તેઓ આ ભાગીદારી પેઢીનો ધંધો સારી રીતે ચલાવી શકે નહીં અને તેમ થાય તો પ્રતિવાદીઓને અગવડ થાય તે સંજોગોમાં વચગાળાના તબકકે રીસીવર નીમવાનું યોગ્ય જણાતું નથી.

પક્ષકારો વચ્ચેના ભાગીદારી કરારની શરતો જોતાં, ભાગીદારી પેઢીના બે ભાગીદારોએ (પ્રતિવાદીઓએ) આ પેઢીનું વિસર્જન કરવા સામે તકરાર લીધેલી હોય, આ ભાગીદારી પેઢીનું વિસર્જન કરાવવા વાદીઓ હકકદાર બનતાં નથી. તેમજ વાદીએ માંગેલી દાદ જોતાં વાદીઓએ ભાગીદારી પેઢીમાં વહીવટ કરવા દેવા તથા હિસ્સા મુજબ નફો મેળવવાની દાદ આ દાવામાં તથા દરમિયાન મનાઈ હુકમની આ અરજીમાં માંગેલી છે પરંતું ભાગીદારી પેઢીની કાયદા મુજબ નોંધણી કરવામાં આવેલી ના હોય ભાગીદારીના કાયદાથી મળેલા આવા અધિકારોના પાલન માટે ભાગીદાર દાવો કરી શકે નહીં અને તેથી વાદી દાવો કરી આવી દાદ મેળવી શકે નહીં અને તેથી તેવી દાદ વચગાળાના તબકકે પણ આપી શકાય નહીં જેથી તેટલા પુરતો વાદીઓનો પ્રથમદર્શનીય કેસ નથી.

અત્રે એ હકીકત બિનતકરારી છે કે, અન્નકુટ સ્વીટસ એન્ડ સ્નેકસ નામની ભાગીદારી પેઢી વાદી અને પ્રતિવાદીઓની ભાગીદારી પેઢી છે અને એ હકીકત પણ બિનતકરારી છે કે આ ભાગીદારી પેઢી શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ "શ્રીજી આર્કેડ"ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકત, ક્ષેત્રફળ આશરે ૬૫૦ ચો. ફુટ માં આવેલી

છે અને એ હકીકત પણ બિનતકરારી છે કે આ મિલકત આ ભાગીદારી પેઢીની માલીકીની છે. આ ભાગીદારી પેઢીનું હાલ વિસર્જન થયેલ ના હોય તેમજ આ ભાગીદારી પેઢીમાંથી વાદીઓ હાલ છુટા થયેલા ના હોય ભાગીદારી પેઢીની માલ મિલકતમાં તમામ ભાગીદારોનો હિસ્સો રહેલો છે અને તે ભાગીદારી પેઢીની મિલકતમાંના તેમના હકકો મેળવવા તથા તેના રક્ષણ માટે વાદીઓ દાવો કરી શકે છે. આમ, શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ "શ્રીજી આર્કેડ"ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકતએ ભાગીદારી પેઢીની મિલકત હોય અને તે મિલકતમાં વાદીઓના હકક અધિકાર રહેલા હોય પ્રતિવાદીઓ એકલા તે મિલકતનો નિકાલ કરવા હકકદાર ના હોય આ દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ હસ્તાંતર કરે કરાવે નહીં તે માટે વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે.

ભાગીદારી પેઢીનું વિસર્જન થયેલ ના હોય તેમજ આ ભાગીદારી પેઢીમાંથી વાદીઓ હાલ છુટા થયેલા ના હોય ભાગીદારી પેઢીની દાવાવાળી મિલકતમાં વાદીઓનો પણ હકક અધિકાર રહેલો હોય અને જો પ્રતિવાદીઓ તેમની મરજી મુજબ આ મિલકત કોઈને હસ્તાંતર કરે તો તેનાથી વાદીઓના હિતોને અસર થઈ શકે અને તેમ થાય તો વાદીઓને દાવાદુવીમાં ઉતરવું પડે અને તેમ થાય તો વાદીઓને ઘણી જ અગવડ ઉભી થાય તેમજ જો આ મિલકતનો પ્રતિવાદીઓ તેમની મરજી મુજબ આ મિલકત કોઈને હસ્તાંતર કરે તો વાદીઓને નાણામાં ભરપાઈ ના થાય તેવું નુકશાન જવા સંભવ છે.

વાદી તરફે એ. આઈ. આર. ૨૦૦૦ ગુજ. ૮૦ ઉપર પ્રસિધ્ધ "રજનીકાંત હસમુખલાલ ગોલવાલા અને બીજાઓ વિ. નટરાજ થીયેટર, નવસારી અને બીજાઓ" નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદાનો લાભ વાદીઓને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદમાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં ભાગીદારી પેઢી નોંધાયેલી પેઢી હતી અને રજીસ્ટ્રેશન ઓફ ફર્મમાં વાદીઓના નામ ચાલતાં હતાં જેથી તેઓ ભાગીદારીના કાયદા અન્વયે મળેલા અધિકારો

ભોગવવા હકકદાર હતાં જયારે હાલના કેસમાં આ પેઢી કાયદા મુજબ નોંધવામાં આવેલી નથી અને તેથી ભાગીદારીના કાયદા અન્વયે ભાગીદારી પેઢીમાં વહીવટ કરવા તમામ ભાગીદારોને હકક અધિકાર રહેલો છે તેવા અધિકારો મેળવવા વાદી દાવો કરી શકે નહીં તેવો ભાગીદારીના કાયદાની કલમ ૬૯(૧) અન્વયે બાધ રહેલો છે જેથી વાદીને આ ચુકાદાનો લાભ મળી શકે નહીં.

વાદી તરફે ૨૦૧૪(૦) એ. આઈ. જે. ઈ. એલ. – એચ. સી. ૨૩૧૯૧૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ "એસ્સાર ઓઈલ લી. વિ. યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી."નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે પરતું આ ચુકાદાનો લાભ વાદીને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદામાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. આ ચુકાદામાં જે પ્રશ્નો સંકળાયેલા હતા તેવા કોઈ પ્રશ્ન હાલના કેસમાં સંકળાયેલ નથી.

વાદી તરફે એ. આઈ. આર. ૨૦૦૪ અલ્હાબાદ ૨૪૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ "મેસર્સ મોડર્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝ વિગેરે વિ. શ્રીમતિ શાંતિ પરોલીયા અને બીજાઓ" નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદાનો લાભ વાદીઓને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદમાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં એપેલન્ટ વર્કીંગ પાર્ટનર હતાં અને રીસ્પોન્ડન્ટસ સ્લીપીંગ પાર્ટનર હતાં અને તે સંજોગોમાં એપેલન્ટની તરફેણમાં મનાઈહુકમ ફરમાવવામાં આવેલ હતો જયારે હાલના કેસમાં આવા કોઈ સંજોગો રહેલા નથી.

વાદી તરફે એ. આઈ. આર. ૨૦૦૫ દિલ્હી ૩૨૩ ઉપર પ્રસિઘ્ધ થયેલ "અશોક કુમાર મિત્તલ વિ. અશ્વિની કપુર અને બીજાઓ"નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદાનો લાભ વાદીઓને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદમાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ ગયેલ હતું જયારે હાલના કેસમાં ભાગીદારી પેઢી કોઈ ભાગીદારની ઈચ્છાથી બંધ કરાવી શકાય તેવી નથી અને આ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવામાં આવેલ નથી.

વાદી તરફે એ. આઈ. આર. ૧૯૮૨ દિલ્હી ૧૩૧(૧) ઉપર પ્રસિઘ્ધ થયેલ

"સુરેશ કુમાર સાંઘી વિ. અમ્રિત કુમાર સાંઘી વિગેર"નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદાનો લાભ વાદીઓને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદમાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં વાદી ધંધાનો વહીવટ કરતાં હતાં અને વાદી ધ્વારા પ્રતિવાદીઓને ધંધાના વહીવટમાં હસ્તક્ષેપ કરતાં રોકવા માટનો મનાઈ હુકમ માંગવામાં આવેલ હતો જયારે હાલના કેસમાં વાદીઓના કેસ મુજબ પ્રતિવાદીઓ ધંધાનો વહીવટ કરતાં આવેલા છે અને વાદીઓને ધંધાનો વહીવટ કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં તેવો મનાઈ હુકમ વાદીઓએ માંગેલ છે તેમજ વાદીઓએ આ દાવામાં અને હંગામી મનાઈહુકમની અરજીમાં જે દાદ માંગેલી છે તે ભાગીદારી કાયદાની કલમ ૬૯ અન્વયે બાધીત છે જેથી વાદીઓને આ ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી.

વાદી તરફે એ. આઈ. આર. ૧૯૮૫ જમ્મુ એન્ડ કાશ્મીર ૫૦ ઉપર પ્રસિઘ્ધ થયેલ "તિલક ચંદ જૈન વિ. દર્શન લાલ જૈન અને બીજાઓ"નો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ ચુકાદાનો લાભ વાદીઓને મળી શકે તેમ નથી કારણ કે આ ચુકાદમાંના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો તદ્દન ભિન્ન છે. નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ ગયેલ હતું જયારે હાલના કેસમાં ભાગીદારી પેઢી કોઈ ભાગીદારની ઈચ્છાથી બંધ કરાવી શકાય તેવી નથી અને આ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવામાં આવેલ નથી. વધુમાં, નામદાર હાઈકોર્ટએ રીસીવરની નિમણુંક માટે જે માર્ગદર્શિકા આપેલી છે તે ઘ્યાને લઈએ તો પ્રતિવાદીઓએ ભાગીદારીના કાયદાની જોગવાઈઓ વિરૂઘ્ધ ભાગીદારી પેઢીની મિલકતો તથા ગુડવીલ પોતાની પાસે રાખેલી હોવી જોઈએ જયારે હાલના કેસમાં ભાગીદારી પેઢી બંધ કરી શકાય તેમ ના હોય, તે પેઢીની મિલકતમાં પેઢી ચાલતી હોય ત્યારે તે પ્રતિવાદીઓએ ભાગીદારીના કાયદાની વિરૂઘ્ધ પેઢીની મિલકત તેમની પાસે રાખી દીધેલી છે તેમ કહી શકાય નહીં. વધુમાં, આ ચુકાદામાં આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ પ્રતિવાદીઓએ પેઢીના વહીવટમાં ગેરવર્તણૂંક કરેલ હોવાનું વાદીઓએ બતાવવું પડે જયારે હાલના કેસમાં પ્રતિવાદીઓએ પેઢીના વહીવટમાં ગેરવર્તણૂંક કરેલી હોય તેવું વાદી બતાવી શકેલા નથી. ઉલ્ટાનું, વાદીઓ ઘ્વારા પેઢીના ખાતામાંથી રૂ.૧૦,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પંચોતેર હજાર પુરા) ની ઉચાપત કરેલ હોવાનું પ્રતિવાદીઓ ઘ્વારા તેમના જવાબમાં જણાવેલ છે અને તેની સામે વાદીઓએ વળતું સોગંદનામું કરી આ હકીકતનો ઈન્કાર કરેલ નથી.

આમ, ભાગીદારી ધંધામાં તથા ભાગીદારીની માલ મિલકતોમાં વાદીઓને વહીવટ, સંચાલન, કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં કે તેમાં હરકોઈ રીતે અવરોધ, અટકાયત કરે કરાવે નહીં કે વાદીઓને ભાગીદારી ધંધાના હિસાબો, નફો, ભાગીદારી કરારની રૂએ મેળવતા પ્રતિવાદીઓ અટકાવે નહીં તેમજ ભાગીદારી પેઢીની માલ મિલકતો અને ધંધામાં સહભાગીદાર તરીકે વર્તન કરતાં પ્રતિવાદીઓ અટકાવે નહીં તેવો મનાઈ હુકમ મેળવવા સંબંધે તેમજ દાવો ચાલી આખરી નિકાલ થાય ત્યાં સુધી કોર્ટ રીસીવરશ્રી નિમાવા સંબંધે વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી. પરંતુ શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ "શ્રીજી આર્કેડ"ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકત વેચાણ કરે કરાવે નહીં તે સંબંધે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે અને તે પુરતી સગવડની સમતુલાનું ધોરણ વાદીના લાભમાં છે અને જો તે મિલકત હસ્તાંતર કરતાં રોકવામાં ના આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ના થાય તેવું નુકશાન જવા સંભવ છે. જેથી શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ "શ્રીજી આર્કેડ"ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકત વેચાણ કરે કરાવે નહીં તેટલો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદી હકકદાર છે તે સિવાયની દાદ મેળવવા વાદી હકકદાર ના હોય મુદ્દા નં. ૧નો જવાબ "અંશતઃ હકારમાં" આપવામાં આવેલ છે.

મુદ્દા નં. ૨:

મુદ્દા નં. ૧ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

વાદીની હાલની આ દરમ્યાન મનાઈ હુકમની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

શહેર સુરત મોજે અડાજણમાં આનંદ મહેલ રોડ ઉપર આવેલ "શ્રીજી

આર્કેડ"ની મિલકતમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર પરની દુકાન નં. ૩૪ અને ૩૫વાળી મિલકત પ્રતિવાદીઓએ દાવાના આખરી નિકાલ સુધી વેચાણ કરવી કરાવવી નહીં.

આ અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આજ રોજ તારીખ ૨૫મી માહે જાન્યુઆરી સને ૨૦૧૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

સુરત.
તા.૨૫/૦૧/૨૦૧૬

(આર. જે. પટેલ)
૧૬મા અધિક સીની. સિવિલ જજ, સુરત.
CODE : GJ 00833